# L.N.K. College of Education(CTE),Patan

## બક્ષીપંચ જાતિના સ્કોલરશીપ મેળવવા માગતા તમામ વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચના

☞ Online ફોર્મ ભરીને ફોર્મ સાથે નીચેના પુરાવાઓ **અસલ સર્ટીફીકેટ / ડોકયુમેન્ટ** ફરજીયાત અપલોડ કરેલા હોવા જોઈએ, કોઈએ પણ ઝેરોક્ષ સ્કેન કરી અપલોડ કરવી નહી.

**વિદ્યાર્થીએ તેના ઓનલાઈન Digital Gujarat Portal વેબસાઈટ Citizen તરીકે નવું રજીસ્ટ્રેશન શિષ્યવૃતિ ફોર્મ માટે રજીસ્ટ્રેશન કરાવતી વખતે આધાર નંબર, ઈ–મેલ આઈ.ડી. અને મોબાઈલ નંબર વિદ્યાર્થીનો પોતાનો જ હોવું ફરજીયાત છે. વિદ્યાર્થીનો જ પોતાનો જ કાયમી મોબાઈલ નંબર સાથે હોવો ફરજીયાત છે. જેમા વિદ્યાર્થીઓને SMS થી શિષ્યવૃતિની તમામ માહિતી તે જ મોબાઈલ નંબર ઉપર આપવામાં આવશે. જયાં સુધી શિષ્યવૃતિ / સહાય મળી ન જાય ત્યા સુધી સદરહું મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે. તો તે અંગેની સઘળી જવાબદારી જે–તે વિદ્યાર્થીની રહેશે.**

બેંકનો IFSC CODE વાળી પેજની ખાતા નંબરની પાસબુક અસલ અપલોડ કરેલ હોવી જોઈએ.

**સક્ષમ અધિકારીશ્રી નો આવકનો દાખલો :**

☛ **ફકત બક્ષીપંચ જાતિઓના વિદ્યાર્થી ભાઈઓ માટે જ** અસલ અપલોડ કરેલ હોવો જોઈએ.
કુમારો (ભાઈઓ) **ગ્રામ્ય વિસ્તાર માટે** પિતા/ વાલીની આવક મર્યાદા રૂા.૧,૨૦,૦૦૦/– છે.
તેમજ **શહેરી વિસ્તાર માટે** પિતા / વાલીની આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/– છે.

☛ **ફકત બહેનોને કોઈ આવક મર્યાદા નથી.**
પરંતુ જેના પિતા / વાલીની આવક રૂા.૧,૫૦,૦૦૦/–થી વધુ આવક હોય અને
જેના પિતા / વાલી **સરકારી નોકરી કરતા હોય** તેવા વિદ્યાર્થીના પિતા / વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનું **ઈન્કમટેક્ષ ફોર્મ નં.–૧૬ની નકલ** અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે.

☛ જે વિદ્યાર્થીના પિતા હયાત ન હોય તેઓએ **માતાનો આવકનો દાખલો** ઉપરાંત **પિતાના મરણના દાખલાની** બન્ને અસલ અપલોડ કરેલ હોવો જોઈએ.

(૪) **આધારકાર્ડ (યુનિક આઈ. ડી.)** અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે.

(૫) **જાતિનો દાખલો**(સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ) અસલ અપલોડ કરેલાની સ્વપ્રમાણિત નકલ.

(૬) **શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)** અસલ અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે.

(૭) **કોલેજની ચાલુ વર્ષની જે સેમેસ્ટરની ફી ભર્યાની અસલ પાવતીઓ** અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે.

(૮) તમે ઓનલઈનમાં ફોર્મ ભરતી વખતે તમે છેલ્લે જે પરીક્ષા આપીને તેની અસલ માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

(૯) **હોસ્ટેલમાં રહેતા વિધાર્થીએ હોસ્ટેલર્સ અંગેનું સર્ટીફીકેટ Digital Gujarat Portal પરથી ડાઉનલોડ કરીને સબંધિત સંસ્થાનો ગૃહપતિના  કર્મચારીના સહી / સિકકા કરાવીને સર્ટીફીકેટ સ્કેન કરીને અપલોડ કરવાનું રહેશે.**

હોસ્ટેલ અંગેનું ઓરીજનલ પ્રમાણપત્ર આપવાનું રહેશે. હોસ્ટેલમાં રહેતા વિધાર્થીએ **હોસ્ટેલની ઓરીજનલ ફી પાવતી** અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે.

☞ **જો અભ્યાસમાં તુટ અથવા ગેપ કે બ્રેક હોય તો તેવા તમામ વિધાર્થી ભાઈ–બહેનોએ સ્ટેમ્પ પર સોગંદનામું જોડવું, તે સોગંદનામું આખું ઓરીજનલ (અસલ) ઓનલાઈન અપલોડ કરવું.**

# L.N.K. College of Education(CTE),Patan

## ફકત ફ્રેશ (નવા) વિધાર્થીઓ માટે જ જરૂરી

☞ જે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ **(OBC)**, **વિચરતી અને વિમુકત જાતિ** (NT-DNT) આર્થિક રીતે પછાતવર્ગના(EBC/EWS) અને લઘુમતી (MINORITY) જાતિના વિધાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે, તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન કરી Scholarship Option માં જઈ **Select Financial Year** મેનુમાં **વર્ષ ૨૦૨૦–૨૧** સીલેકટ કરી **(Director Developing Caste Welfare)** હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર કલીક કરી એપ્લાય કરવાનું રહેશે.

☞ યોજના પંસદ કર્યા બાદ વિધાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail , Bank Detail , Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે. તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિધાર્થીની પોતાની રહેશે. જેના માટે કોલેજની કોઈપણ જવાબદારી રહેશે નહી, જેની દરેક વિધાર્થીઓએ નોંધ લેવી.

☞ **Attachment**માં લાગુ પડતા તમામ ડોકયુમેન્ટ(પુરાવાઓ) Upload કરવાના રહેશે, તમામ જરૂરી વિગતો અને ડોકયુમેન્ટ(પુરાવાઓ) Upload અપલોડ થઈ ગયા બાદ વિધાર્થીએ પોતાનો **તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો** અપલોડ કરવાનો રહેશે.

☞ પુરેપુરી વિગતો અરજીપત્રકમાં ભરાઈ ગયા બાદ તમામ વિગતો અને ડોકયુમેન્ટ(પુરાવાઓ) Upload (અપલોડ) થઈ ગયા છે કે નહી તે ચેક કરવાની જવાબદારી વિધાર્થીની રહેશે અને **બાકી રહી જશે તો** તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિધાર્થીની પોતાની રહેશે. જેના માટે કોલેજની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની દરેક વિધાર્થીઓએ નોંધ લેવી.

☞ **ત્યારબાદ <u>ફાઈનલ Submit</u> કરવાનું રહેશે, જેથી અરજી કોલેજના લોગીનમાં ઓનલાઈન જતી રહેશે ઓનલાઈન અરજી થઈ ગયા બાદ વિધાર્થીએ તેની પ્રિન્ટ <u>બે કોપી</u> કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી કોલેજમાં જમા કરાવવાના રહેશે.**

# L.N.K. College of Education(CTE),Patan

**ફકત બક્ષીપંચ જાતિનાં તમામ વિધાર્થી ભાઈ–બહેનો માટે જ**

**ઓનલાઈન ફોર્મ ભરીને ફોર્મ સાથે નીચેના પુરાવાઓની નકલો ક્રમબધ્ધ જોડીને આપવાના રહેશે.**

(૧) ફાઈનલ સબમીટ કરેલ ફોર્મની જ ફકત બે નકલો ઓફીસમાં જમા કરાવવાની રહેશે.

(૨) બેંકની પાસબુક.

(૩) આધારકાર્ડ.

(૪) પિતા/વાલીનો આવકનો દાખલો,
જે વિધાર્થીના પિતા હયાત ન હોય તેઓએ માતાનો આવકનો દાખલો,ઉપરાંત પિતાના મરણના દાખલાની નકલ સાથે રેશનકાર્ડની નકલ પણ રજૂ કરવાની રહેશે.

(૫) જાતિનો દાખલો .

(૬) શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.).

(૭) કોલેજની ચાલુ વર્ષની ફી ભર્યાની અસલ પાવતી લઈને આવવાનું રહેશે.

(૮) ચાલુ સેમેસ્ટરની ફી ભર્યાની પાવતીની સ્વપ્રમાણિત નકલ.

(૯) ધોરણ ૧૦ થી જે પણ અભ્યાસ કર્યો હોય તે તમામ વર્ગની માર્કશીટોની સ્વપ્રમાણિત નકલો.


(૧૦) (જો અભ્યાસમાં તુટ અથવા ગેપ હોય તો જ) તો તેવા તમામ વિધાર્થી ભાઈ–બહેનોએ સ્ટેમ્પ પર સોગંદનામું જોડવું જે સોગંદનામું અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ.

(૧૧) હોસ્ટેલ અંગેનું ઓરીજનલ પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમજ હોસ્ટેલમાં દાખલ થયાની ફી ભર્યાની પાવતી કરેલ હોય તેની સ્વપ્રમાત નકલ.

આચાર્ય

સ્વપ્રમાણિત નકલ કરવા માટે નમુનો

☛ સ્વ પ્રમાણિત



(ઠાકોર નરેશકુમાર લક્ષ્મણજી)

**દરેક ડોકયુમેન્ટસમાં સ્વપ્રમાણિત લખી, સહી કરી, પછી જ ડોકયુમેન્ટસ જમા કરાવવા.**